**ફોજદારી ઈન્કવાયરી નંબર:– ૩૨ /૨૦૨૬**

# – :: ફરિયાદીની આંક–૦૧ ની અરજી લગત હુકમ :: –

હાલની ફરિયાદ દાખલ થતા ફરિયાદ તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા રજુ થયેલ પુરાવાનું સોગંદનામુ ધ્યાને લેતાં ફરિયાદ મુજબની હકીકતો જણાવવામાં આવેલી અને આ કામના આરોપી સાથે તેમને કાયદેસરનો વ્યવહાર હોવાની હકીકતો જણાવેલી છે. જે પ્રથમ દર્શનિય રીતે ઉચિત હોવાનું જણાઈ આવે છે. આ કામે ફરિયાદની સાથે રજુ થયેલા દસ્તાવેજો જોતા વટાઉખત અધિનિયમની કલમ–૧૪૨(૨) વંચાણે લેતાં અત્રેની કોર્ટને ઉપરોક્ત ફરિયાદ લગત કોગ્નીજન્સ (સંજ્ઞાન) લેવાની હકુમત રહેલી છે. વધુમાં, ઉપર જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટના હુકમની ગાઈડલાઈન મુજબ ફરિયાદ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૦ મુજબ દાખલ થતા જો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૨ મુજબ કોર્ટને સફિસીયન્ટ કોઝ (યોગ્ય કારણ) જણાય આવે તો ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૪ મુજબ આરોપીની સામે સમન્સ કાઢી શકાય અને જો કોર્ટને યોગ્ય કારણ ન જણાય આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૩ હેઠળ ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ કરી શકે. હાલની ફરિયાદ, ફરિયાદની સાથે રજૂ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની સાથે રજુ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની ઈન્ક્વાયરીના તબક્કે રજુ રાખવામાં આવેલ સોગંદનામાની હકીકતો જોતા તથા વટાઉખત અધિનિયમની કલમ – ૧૩૮ તથા ૧૪૨(૨) મુજબ આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવે છે તથા સાથે–સાથે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૨ તથા ૨૦૪ વંચાણે લેતા હાલની ફરિયાદના કામે દર્શાવેલ આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૦૪ હેઠળ પ્રોસેસ ઈસ્યુ કરવા ન્યાયોચિત્ત જણાતુ હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – :: હુ ક મ :: –

હાલની ઈન્ક્વાયરી ફોજદારી કેસ તરીકે રજિસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે. વટાઉખત અધિનિયમની કલમ – ૧૩૮ મુજબના ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનિય ગુનો જણાતો હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૦૪ મુજબનો સમન્સ **મુદ્દત તારીખ–૦૭ / ૯ /૨૦૨૬** ના રોજનો ઈસ્યુ કરવો તેમજ આરોપીએ મુદ્દત તારીખે રુ.**૧૫,૦૦૦/–(અંકે રુપિયા પંદર હજાર પુરા)** ના જામીન સાથે હાજર રહેવું તેવી પ્રોસેસમાં સ્પષ્ટપણે જાણ કરવી. ઉપરોક્ત હુકમ આધારે સદર ફરિયાદ અરજીને ફોજદારી કેસ નં. તરીકે રજીસ્ટરમાં અને સી.આઈ.એસ માં એન્ટ્રીકરી ધોરણ સરનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૮ માહે:જુન, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૮/૦૬ /૨૦૨૬
મુકામઃ જેતપુર.

(ડી. એમ.પરમાર)
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જેતપુર .